ગાંધીનગર સમાચાર

આગામી ચોમાસામાં શહેરમાં ૩૦ હજાર રોપાઓનુ વાવેતર કરાશે




પુષ્પાંજલિ - ભાજપના નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ શ્રી વિજયભાઈ રૂપાણીએ હોદ્દાનો હવાલો સંભાળ્યા બાદ ગાંધીનગર ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી... ત્યારબાદ સરદાર સાહેબ અને મહાત્મા ગાંધીજીની પ્રતિમાઓ પર પણ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે ગાંધીનગર શહેર જિલ્લાના ભાજપના કાર્યકરો સાથે જોડાયા હતા.

# રિલાયન્સ સર્કલથી ઘ-૦ સુધી ૩.૫૦ કરોડના ખર્ચે ગટરલાઈન નંખાશે

## મનપાની સ્થાયી સમિતિએ વિકાસ કામોને આપી બહાલી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેર નજીકના વિસ્તારોમાં થઈ રહેલા વિકાસને ધ્યાને રાખી સ્થાયી સમિતિએ રિલાયન્સ સર્કલથી ઘ-૦ સુધીની સ્ટ્રોમ વોટર ડ્રેનેજ સિસ્ટમનું કામ કરવાની મંજુરી આપી છે.

ગઈકાલે સ્થાયી સમિતિના ચેરમેન શ્રી રાકેશ પટેલના અધ્યક્ષસ્થાને મળેલ સમિતિની બેઠકમાં રૂ. ૩.૭૦ કરોડના ખર્ચે આ કામગીરી માર્ગ-મકાન વિભાગના પાટનગર યોજના પ્રભાગને કરવા મંજુરી આપી છે. સમિતિએ શહેરમાં સમાવિષ્ટ પાંચ ગામોને પણ ભૂગર્ભ ગટર યોજના સાથે જોડી દેવામાં આવે તે અંગે કમિશ્નરની દરખાસ્તને પણ મંજુરી આપી છે.

સ્થાયી સમિતિની બેઠકે શહેરના પેરીફેરી વિસ્તારમાં આવેલ ગામોમાં કાઉન્સીલરોની ગ્રાન્ટમાંથી સૂચવવામાં આવેલ નાગરિકોની પાયાની સુવિધાઓના કામોને પણ મંજુરી આપી અને ઝડપથી પૂર્ણ થાય તે જોવા જણાવ્યું છે. સમિતિએ પેવર બ્લોકની વધારાની કામગીરીને પણ બહાલી આપવામાં આવી છે.

# જિલ્લા પંચાયતની સાત સમિતિઓના ચેરમેન ૨૬ અને ૨૯મીએ નિયુક્ત કરાશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા પંચાયતની

**ચેરમેનોની નિયુક્તીના મેન્ડેટ પ્રદેશમાંથી જ આવશે : અપીલ સમિતિના ચેરમેન પદે સભ્ય હશે કે પંચાયત પ્રમુખને લઈ રાજકીય સસ્પેન્સ**

નવી રચાયેલી સાત સમિતિઓની પ્રથમ બેઠક આગામી ૨૬ ફેબ્રુઆરી અને ૨૯ ફેબ્રુઆરીના રોજ બોલાવી સમિતિઓના ચેરમેનોની નિયુક્તી કરી દેવાશે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીના કાર્યાલય દ્વારા સમિતિઓની પ્રથમ બેઠક અંગેની કાર્યસૂચિ જારી કરવાના આદેશો આપી દેવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ૨૬ ફેબ્રુઆરીએ અપીલ સમિતિ, ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિ, ઉત્પાદન અને સહકાર, સિંચાઈ સમિતિ તેમજ મહિલા અને બાળ વિકાસ સમિતિની પ્રથમ બેઠકો ૧૧ વાગે અને ૧૨ વાગે જિલ્લા પંચાયત કચેરી ખાતે યોજાશે. જેમાં ચેરમેનોની નિયુક્તીની પ્રક્રિયા હાથ ધરાશે.

જ્યારે ૨૯મીએ શિક્ષણ સમિતિ, બાંધકામ સમિતિ અને આરોગ્ય સમિતિની બેઠકો યોજાશે.

૨૬મીએ અપીલ સમિતિની

● અનુસંધાન પાન-૭ પર

# શૌચાલયો નિર્માણની ધીમી કામગીરી અંગે મુખ્યમંત્રીની ટકોર

## અગાઉ પ્રવેશોત્સવની કોન્ફરન્સમાં પણ તંત્રને મુખ્યમંત્રીની તીખી ટકોર મળી હતી!!

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લામાં શૌચાલયોની સુવિધા ઉભી કરવામાં તંત્રના ઉદાસીન વલણને લઈ આજે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે તીખી ટકોર જિલ્લાના અધિકારીઓને કરી હતી.

ગાંધીનગર જિલ્લામાં શૌચાલયો બનાવવાની કામગીરી જે ધીમીગતિએ ચાલી રહી છે તે અંગે મુખ્યમંત્રીશ્રીએ સખ્ત નારાજગી વ્યકત કરી જિલ્લાની તમામ કચેરીઓ સાથે સુયોગ્ય સંકલન સાધી અને કામગીરી કરવામાં આવે તેમ જણાવ્યું હતું.

જિલ્લામાં ૫૮ હજાર જેટલા આવાસોમાં હજુ શૌચાલયોની સુવિધા નથી. છેલ્લા ત્રણ વર્ષમાં માત્ર સરેરાશ ૯ થી ૧૦ ટકા જ કામગીરી થઈ છે તેને લઈ મુખ્યમંત્રીએ આજે સખ્ત નારાજગી વ્યકત કરી કામગીરીનું અસરકારક મોનીટરીંગ કરવાની પણ તાકીદ કરી હતી.

આજે સ્વાગત કાર્યક્રમ બાદ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે એકાએક જ સ્વચ્છતા મિશનની કામગીરીની સમીક્ષા શરૂ કરતાં તંત્રના અધિકારીઓમાં સોંપો પડી જવા પામ્યો હતો. જો કે એકાએક અનશિડયુલ્ડ સમીક્ષા હાથ ધરાતાં અધિકારીઓએ દોડાદોડ કરી વિગતો આપી હતી.

ગાંધીનગર શહેરમાં પણ સ્વચ્છતા માટે ધ્યાન આપવા તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

અગાઉ પ્રવેશોત્સવ વખતે તંત્રના અધિકારીઓને મુખ્યમંત્રીની તીખી ટકોર ખાવી પડી હતી આ બીજો પ્રસંગ છે કે જેમાં મુખ્યમંત્રીએ તીખી ટકોર કરી છે જે ઉલ્લેખનીય છે.



વાતાવરણનો મીજાજ બદલાયો - શુક્રવારની સાંજે ફરીથી વાદળો ઘેરાયા... રાજ્યમાં ક્યાંય પણ વરસાદી માહોલ સર્જાયાના અણસાર વર્તાતા હતા... હળવા ફોરા ક્યાંક ક્યાંક પડ્યાના અહેવાલ પણ મળ્યા હતા... ગાંધીનગરમાં વદલાયેલા વાતાવરણના મીજાજથી ઠંડી, ગરમી અને ચોમાસાની ત્રણેય ઋતુનો અનુભવ એક જ દિવસમાં થતો હોય તેવું વાતાવરણ નિર્માણ થયું હતું.... (તસવીર : દિપક જાની)

# હાર્દિકના સમર્થનમાં તોડફોડ

## અમદાવાદ અને હિંમતનગરથી જતી બસોને રોકીને આગ ચાંપી દેવાઈ : હાર્દિક પટેલ ઉપવાસ પર ઉતરતા પ્રતિક્રિયા

અમદાવાદ, તા.૧૯

સુરતની લાજપોર જેલમાં હાર્દિક ગુરુવારે ઉપવાસ ઉપર ઉતરી જતાં પાટીદાર સમુદાયના લોકો નારાજ દેખાઈ રહ્યા છે. હાર્દિક જેલમાં ઉપવાસ ઉપર ઉતર્યા બાદ મોડી રાત્રે જ કેટલાક તોફાની લોકોએ સુરતના નાના વરાછાથી સિમાડા નજીક અમદાવાદ અને હિંમતનગરથી આવતી બસોમાં તોડફોડ કરીહોવાના અહેવાલ મળ્યા છે. ગઈકાલના બનાવ બાદ આજે પણ પાટીદાર સમુદાયના પ્રભાવવાળા વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. લાજપોર જેલમાં ગઈકાલે હાર્દિક ઉપવાસ ઉપર ઉતર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# રવિવારે પલ્સ પોલિયો અભિયાન

ગાંધીનગર, તા. ૧૯

આગામી રવિવારે ગાંધીનગર જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાનના બીજા રાઉન્ડ અંગે તંત્રએ તેની તૈયારીઓ પુરી કરી લીધી છે.

૨૧મીથી શરૂ થઈ રહેલા વસંતોત્સવને ધ્યાને રાખી તંત્રએ ત્યાં સાંજના ૫ થી ૭ દરમ્યાન પલ્સ પોલિયો અભિયાનનું ખાસ બુથ બનાવવાનો પણ નિર્ણય કરેલ છે.

જિલ્લામાં બે લાખથી વધુ બાળકોને આ બીજા રાઉન્ડમાં આવરી લેવામાં આવશે. પ્રથમ જ દિવસે સો

**સંસ્કૃતિકુંજમાં પણ વિશેષ બુથ બનાવાશે : જિલ્લાના બે લાખથી વધુ બાળકોને આવરી લેવાશે**

ટકા કવરેજ મળે તે માટે તંત્રએ આ વખતે કમર કસી છે.

જિલ્લામાં ૧ લાખ ૮૯ હજાર બાળકો તથા ગાંધીનગર શહેરમાં ૨૮ હજારથી વધુ બાળકોને આવરી લેવા માટે એક હજારથી વધુ બુથ ઉભા કરવામાં આવનાર છે.

પ્રથમ રાઉન્ડમાં ૯૯ ટકા સિદ્ધિ તંત્રએ મેળવી હતી. બીજા રાઉન્ડમાં કોઈ જ બાળક રહી ના જાય તે માટે તંત્રે આ વખતે પુરતુ ધ્યાન રાખવા માટે સૌ અધિકારીઓને જરૂરી સુચનાઓ પણ આપી છે.

# સલામત સવારીના ડ્રાઈવરોને માર્ગ સલામતીના પરિબળો અંગે જાગૃત કરાયા

ગાંધીનગર તા ૧૯

શહેરમાં માર્ગ સલામતીને અનુલક્ષી દ્રી ચક્રી વાહન ચાલકો માટે હેલ્મેટ ફરજિયાત કરી દેવાયુ છે. ટ્રાફિકના નિયમનના અમલ માટે જિલ્લા પોલીસતંત્ર એકિટવ મોડમાં છે. ત્યારે એસ ટી ની સલામત સવારી માટે પણ ડ્રાઈવરો ટ્રાફિક નિયમન

**વર્ષ દરમિયાન ગાંધીનગર ડેપોની બસોના બે અકસ્માત નોંધાયા**

અંગે જાગૃત થાય તેવા આશયથી ડેપોના ૨૦૦ જેટલા ડ્રાઈવરોને માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યુ હતુ. ગાંધીનગર ડેપોની બસોના વર્ષ દરમિયાન બે અકસ્માતો નોંધાયા છે.

ગાંધીનગરમાં ટ્રાફિક નિયમનની અમલવારી અંગે નગરજનોને જાગૃત કરવા માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જયારે હેલ્મેટના મુદ્દે ટ્રાફિક પોલીસે દંડ વસુલી હાથ ધરવામાં આવી છે. જેના પરિણામે માર્ગ અકસ્માતમાં થતા મૃત્યુ દરને અટકાવી શકાય જયારે બીજીતરફ એસ ટી ની સલામત સવારી પણ મુસાફરો માટે વધુ સલામત બને તે માટે ડ્રાઈવરોને ટ્રાફિકના નિયમન તેમજ ધ્યાનમાં રાખવા જેવી બાબતો અંગે માહીતગાર કરવામાં આવ્યા હતા. માર્ગ સુરક્ષાને અનુલક્ષી અસ ટી નિગમના પ્રતિનિધિ, પોલીસ, ડિવિઝનલ અધિકારીઓ અને ડેપો મેનેજર કક્ષાએથી ડ્રાઈવરોને માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યુ હતુ. જેમાં ડ્રાઈવીંગ કરતી વખતે શાંત ચિત્ત રાખવા, ફરજ પર સમયસર આવવા, વળાંક પર ચાર રસ્તા પર બસ ધીમી રાખવા, ગતિ નિયંત્રણમાં ડ્રાઈવ કરવા, મોબાઈલ પર વાત ન કરવા સહીતના મદ્દાઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવા માટે પણ સુચવાયુ હતુ.

અમદાવાદ એસ ટી નિગમ ઉપરાંત ગાંધીનગર ડેપો ખાતે પણ ડેપો મેનેજર દ્વારા ૨૦૦ જેટલા ડ્રાઈવરોને આ મામલે અવેર કરવામાં આવ્યા હતા. આ દરમિયાન ૭૦ જેટલા ડ્રાઈવરોને વ્યક્તિગત રીતે સમજણ પુરી પાડવામાં આવી હતી. ડેપો મેનેજરના જણાંવ્યા મુજબ ગાંધીનગર ડેપોની બસના વર્ષ દરમિયાન બે માર્ગ અકસ્માતો નોંધાયા છે. જેમાં એક ફેટલ અકસ્માત તેમજ અન્ય એક ગંભીર અકસ્માત નોંધાયો છે. જયારે આગામી દિવસોમાં મુસાફરોને માર્ગ સલામતીની દ્રષ્ટીએ વધુ સલામત સવારી નસીબ થાય તે માટે ડ્રાઈવરોને માહીતગાર કરવામાં આવ્યા હતા.




લીલીછમ ભાજી - શીયાળાની વહેલી સવારે મોર્નિંગ વૉક માટે નિકળતા નગરજનો માટે વધારાની સુવિધા આજકાલ ઉમેરાઈ છે... પથિકાશ્રમ સર્કલ પાસે વહેલી સવારથી જ વિવિધ પ્રકારની ભાજીનું બજાર લાગી જાય છે... નેચરોપેથીમાં શ્રદ્ધા ધરાવતા નાગરિકો તાજી ભાજીનો જ્યુસ પીવાનું વધુ પસંદ કરે છે...

# ગરમીના પ્રમાણમાં સતત વધારો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર સહિત ગુજરાતના જુદા જુદા ભાગોમાં હવે ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. લોકો ગરમીના કારણે પરેશાન થતાં પણ જોવા મળી રહ્યા છે. બપોરના ગાળામાં તાપનો અનુભવ થઈ રહ્યો છે. પંખાનો ઉપયોગ થઈ રહ્યો છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૩.૬ અને લઘુત્તમ તાપમાન ૨૦.૩ ડિગ્રી રહ્યું હતું. તાપમાનમાં વધારો થતાં આગામી દિવસોમાં પણ આવી જ સ્થિતિ રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. આ વખતે અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પ્રમાણમાં ઓછી ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો. હવે સવારમાં પણ લોકોને ઠંડીનો અનુભવ નહીંવત થઈ રહ્યો છે. ગરમ વસ્ત્રો લોકો મુકવા લાગી ગયા છે. જો કે, નાના બાળકો અને મોટી વયના લોકો સાવચેતીરીતે હજુ પણ ગરમ વસ્ત્રો પહેરી રહ્યા છે. ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૧.૫ ડિગ્રી નોંધાયું હતું.

# આગામી ચોમાસામાં શહેરમાં ૩૦ હજાર રોપાઓનુ વાવેતર કરાશે

## શહેરના મુખ્યમાર્ગો તેમજ આંતરિક માર્ગો આસપાસ લીમડા પેલ્ટાફાર્મ, ગુલમહોર, કરેણના રોપાઓનુ વાવેતર કરાશે

ગાંધીનગર તા ૧૯

શહેરમાં વૃક્ષોની કટોતી અટકાવવા માટે વન તંત્ર દ્વારા બીટ ગાર્ડની ટીમ બનાવી પેટ્રોલીંગ કરવામાં આવી રહયુ છે.જયારે આગામી ચોમાસામાં નગરને વધુ હરિયાળુ બનાવવા માટે તંત્ર દ્વારા ૩૦ હજાર રોપાઓનુ વાવેતર કરવા માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. વન તંત્ર શહેરના મુખ્ય માર્ગો તેમજ આંતરિક રસ્તાઓ સહીતના વિસ્તારમાં ગુલ્મહોર પેલ્ટોફોમ, કરંજ,ઈકોમાં,તેમજ લીમડાના રોપાઓનુ વાવેતર કરશે.

ગાંધીનગર શહેરને વધુ હરિયાળુ બનાવવા માટે વન તંત્ર દ્વારા પ્રતિવર્ષ રોપાઓનુ વાવેતર કરવામાં આવે છે. જયારે હરિયાળા વૃક્ષોની કટોતી ન થાય તે માટે પેટ્રોલીંગ પણ કરવામાં આવી રહયુ છે. શહેરમાં વિકાસના વિવિધ પ્રોજેકટો અન્વયે તેમજ માર્ગોને પહોળા કરવાની કામગીરી દરમિયાન સેંકડો વૃક્ષોની કટોતી થાય છે. ત્યારે એક જમાનામાં ગ્રીનસીટીની ઓળખમાં મોખરાનુ સ્થાન ધરાવતુ શહેરન પાછળ ધકેલાયુ છે. નગરમાં વિકાસકામો ઉપરાંત પણ વૃક્ષ છેદનની પ્રવૃતિ થતી હોવાનુ ધ્યાને આવતા વન વિભાગ દ્વારા આ દુષણને ડામવા માટે બીટ ગાર્ડની ટીમ બનાવી વૃક્ષો કાપતા તત્વોના હથિયારો પણ કબજે લેવાયા છે. શહેરમાં વધુ હરિયાળી નિખારવા માટે વન વિભાગ દ્વારા આગામી ચોમાસામાં વધુ રોપાઓનુ વાવેતર કરવામાં આવશે.જેને અનુલક્ષી તંત્ર દ્વારા અત્યારથી જ જરૂરી ઠેકાણે ખાડા કરવાનુ શરૂ કરી દેવામાં આવ્યુ છે. વન વિભાગના સુત્રોમાંથી મળતી માહીતી મુજબ આગામી ચોમાસા દરમિયાન શહેરી વિસ્તારમાં ૩૦ હજાર જેટલા રોપાઓનુ વાવેતર કરવામાં આવશે. જેમાં શહેરના મુખ્ય માર્ગોતેમજ આંતરિક માર્ગોઆસપાસ ખાડા કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. વરસાદી ઋતુમાં શહેરમાં ગુલ્મહોર, લીમડો, પેલ્ટોફામ, કરંજ, દેશી કરણ, ઈકોમા, તેમજ લાલ અને પીળી કરણના રોપાઓનુ વાવેતર કરવામાં આવશે.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

જગ્યા ભાડે આપવાની છે
સેક્ટર-૨૮, ૧૦૧/૧/૪, જીઆઈડીસી, જલારામ આઈસ ફેક્ટરી સામે, ગાંધીનગર
(૧) બેઝમેન્ટ માપ - ૧૬૫૦ ફૂટ
(૨) ગ્રાઉન્ડ ફ્લોર માપ - ૧૬૫૦ ફૂટ
(૩) પહેલો માળ માપ - ૧૬૫૦ ફૂટ
તથા આગળનો શો-રૂમ માપ : ફૂટ ૯૦૦
સંપર્ક ૯૮૨૪૨ ૩૭૦૦૮

જગ્યા ભાડે આપવાની છે
શ્રી સ્કવેર, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર - ગાંધીનગર રોડ
પંપની લાઈનમાં, પેથાપુર
ગ્રાઉન્ડ ફ્લોર - કોર્નર દુકાન
માપ : કારપેટ - ૫૫૦ ફૂટ
સંપર્ક : ૯૮૨૪૨ ૩૭૦૦૮

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com